# રજાપ્રવાસ-રાહત હેઠળ ઘોડા, ટટ્ટુ કે ડોલી દ્વારા મુસાફરી કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં. : મસભ-10/2001-2267-(2000)-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 30-4-'2001

***વંચાણે લીધો :*** *(1) નાણાં વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : મસભ-2166-4298-જ, તા. 15-10-'66.*

**ઠરાવ :** પ્રસ્તાવનામાં નિર્દેશિત નાણાં વિભાગના તા. 15-10-'66 ના ઠરાવની જોગવાઈ અનુસાર રજા પ્રવાસ-રાહત હેઠળ માન્ય જાહેર વાહનવ્યવહાર પદ્ધતિ દ્વારા આવરી લેવાયેલ ન હોય તેવા પ્રવાસના ભાગ માટે સરકારી નાણાંકીય સહાય મુંબઈ રાજ્ય સેવા નિયમો, 414 ના અર્થમાં પ્રવાસભથ્થા તરીકે મળવાપાત્ર રકમના 90 ટકા અથવા કરાયેલ ખરેખર ખર્ચની રકમ એ બેમાંથી જે ઓછી હોય તે મળવાપાત્ર છે. રજાપ્રવાસ-રાહત હેઠળ કર્મચારીઓ અમરનાથ, વૈષ્ણવોદેવી જેવાં ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા હોય છે. આ સ્થળો પહાડી વિસ્તારોમાં આવેલ હોઈ અને માન્ય જાહેર વાહનવ્યવહાર પદ્ધતિથી આવરી લેવાયેલ ન હોઈ કેટલીક મુસાફરી હેલીકોપ્ટર, ઘોડા, ટટ્ટુ અથવા પાલખી દ્વારા કરવામાં આવતી હોય છે અને જેના ભાડા પેટે ઊંચી રકમ ચૂકવવી પડતી હોય છે. પરંતુ આવી મુસાફરીના દાવા પેટે કર્મચારીને ઉકત સહાય ઘણી ઓછી મળવાપાત્ર થતી હોવાથી મોટાભાગનું ખર્ચ કર્મચારીએ પોતે જ ભોગવવું પડે છે. કર્મચારીઓની આ મુશ્કેલીઓના નિવારણ માટે આ બાબતમાં સર્વસામાન્ય સહાયનાં ધોરણો નક્કી કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

રજાપ્રવાસ-રાહત હેઠળ કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યો અમરનાથ, વૈષ્ણવોદેવી જેવાં ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા હોય છે. આ સ્થળો પર્વતીય/પહાડી વિસ્તારમાં આવેલ હોવાથી જાહેર વાહનવ્યવહારની કોઈ પણ સેવા ઉપલબ્ધ ન હોવાથી કર્મચારીઓ અને તેના કુટુંબના સભ્યો કેટલીક મુસાફરી હેલીકોપ્ટર, ઘોડા, ટટ્ટુ અથવા તો ડોલી/પાલખી દ્વારા કરતા હોય છે. આવી મુસાફરીના ભાડા પેટે કર્મચારી દ્વારા ખરેખર ચૂકવવામાં આવેલ રકમ પૈકી સરકારી સહાય ઉપરના ફકરામાં જણાવ્યા મુજબ ઓછી હોઈ, આ જોગવાઈમાં છૂટછાટ આપીને ચંદનવાડીથી અમરનાથ ગુફા સુધી ઘોડા, ટટ્ટુ, ડોલી કે હેલીકોપ્ટર દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે વ્યક્તિદીઠ રૂ. 500 અને કટરાથી વૈષ્ણૌદેવી માટે વ્યક્તિદીઠ રૂ. 150 ઉચ્ચક રકમ સરકારી સહાય તરીકે મળવાપાત્ર થશે. પગપાળા કરેલ મુસાફરી માટે કોઈ સહાય મળવાપાત્ર થશે નહિ. જ્યાં ખરેખર ચૂકવેલ રકમ ઉપર્યુકત રકમ કરતાં ઓછી હશે ત્યાં ખરેખર ચૂકવેલ રકમ મળવાપાત્ર થશે.

પડતર દાવાઓ આ હુકમો અનુસાર વિનિયમિત કરવાના રહેશે, આખરી થયેલા દાવાઓ પુનઃ ઉવેખવાના રહેશે નહિ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ.એચ.સૈયદ
સેકશન અધિકારી, નાણાં વિભાગ

* * *